# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૪/૦૭/૨૦૨૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૯૫૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૬૦ લીટર દેશી દારૂ, ૮૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૦ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૪૦,૮૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૯૫૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૯૫૭/૨૦૨૫**

**વાડજઃ** તેજશભાઇ ભીખાભાઇ પટેલ (ઉ.વ.૪૬)(રહે.સિમંધરનગર, છાયા ફલેટ પાસે ઘાટલોડીયા) એ તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઉસ્માનપુરા વિડિયોકોન એરીઝોન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર "મારૂતી નેક્સા શો રૂમ" ખાતે કામ કરતા આરોપી (૧) હિતેશભાઇ પ્રભુભાઇ પટેલ (શો રૂમ મેનેજર)(રહે,ઓનર્સ સુપરસીટી હરેકૃષ્ણ મંદિર પાસે સાતેજ) (૨)સંજય વિષ્ણુભાઇ પટેલ (રહે.હોમ ટાઉન–૨ આલોક બંગલો પાસે ન્યુ રાણીપ) (૩) વિવેક ભાવેશભાઇ કેલૈયા (સિનિયર રીલેશનશીપ મેનેજર) (રહે.કુરમી પાર્ક કો.ઓ.હા.સો. ન્યુ ગણેશધામ પાસે નિકોલ ગામ) (૪) ધ્રુવ યોગેશભાઇ કાનાની (રીલેશનશીપ મેનેજર) (રહે.કેસર હીલ, ૧૦૮ જી.વી.કે.ઇમરજન્સી સામે હંસપુરા) અને (૫) જૈમિન ભરતભાઇ પંચાલ (રીલેશનશીપ મેનેજર) (રહે.ગોકુલધામ સોસાયટી આર.ટી.ઓ. રીંગ રોડ નવા વાડજ) એ ભેગા મળી માહે ૬/૨૦૨૪ થી અગાઉ કોઇપણ સમયે શો રૂમ ખાતે ગ્રાહકોએ ગાડી બુક કરાવવા માટે આપેલ કુલ રૂપિયા ૯,૬૫,૫૫૩/– મેળવી લઈ "પોપ્યુલર વિલર્સ પ્રા.લી" કંપનીમાં જમાં નહીં કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ પોપટભાઇ ચલાવે છે.

**પાંચમા માળથી પડી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૯૫૮/૨૦૨૫**

**નવરંગપુરાઃ** નવરંગપુરા લાવણીયા ઈશ્વરભુવન ચાર રસ્તા પાસે આવેલ સાઈટના પાંચમા માળે રહેતા અને બાજુની સાઈટ ખાતે મજુરી કામ કરતા મોતીયા ધનિયા મીણા (ઉ.વ.૨૯)(રહે.મીણા ફલા પાલ તા.આસપુર જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૧૩/૦૭/૨૦૨૫ સવારના ૮/૫૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે પાચમાં માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિભાબહેન જગદીશભાઈ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે મૃત્યુંઃ–** **સમાચાર યાદી નં.૯૫૯/૨૦૨૫**

**ચાંદખેડાઃ** બળવંતભાઇ ભવાભાઇ રાવળ (ઉ.વ.૪૪)(રહે. ઇન્દીરાનગર, ત્રાગડ ગામ, સાબરમતી) તા.૧૩/૦૭/૨૦૨૫ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા ચાંદખેડા, ઉમાભવાની ફાટક પાસે, રેલવે પીલ્લર નંબર–૭૭૪/૧૬ અને ૭૭૪/૧૪ વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઇ સુકાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૯૬૦/૨૦૨૫**

**વાડજઃ** નરેશભાઇ શંકરભાઇ પરમાર (ઉ.વ.૩૮)(રહે.જય મહાદેવનગરના ઔડાના મકાન અયોધ્યા એપાર્ટમેન્ટ સામે નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૫ કલાક ૧/૩૦ વાગ્યા બાદ કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર શીવાભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ (૧)** રવિભાઈ અમરસિંગ લોધા (ઉ.વ.૩૭)(રહે.પાર્વતી પાર્ક સોસાયટી, હરિઓમ પાર્કની બાજુમાં સૈજપુર બોઘા કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૫ રાતના ૯/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હરેશભાઈ જહાભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ (૨)** રમેશ જંબેશ્વર ભોઈ (ઉ.વ.૨૭)(રહે. જયઅંબે એપાર્ટમેન્ટ, આદિશ્વર કેનાલ પાસે, નિકોલ રોડ સત્યમ સ્કૂલની બાજુમાં કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૫ રાતના ૧૧/૦૫ વાગ્યા પહેલા પોતાના ઘરે રસોડામાં છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હરેશભાઈ જહાભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ (૩)** આશાબહેન વા/ઓ દશરથભાઈ વાઘેલા (ઉ.વ.૨૯) (રહે.આશિષ ટેનામેન્ટ રિદ્ધી એપાર્ટમેન્ટ સામે બજરંગ આશ્રમ પાસે હીરાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૫ સવારના ૧૦/૩૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.રતન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી